-: જાહેર નોટીસ :-

આથી હમારા અસીલ **શ્રી ખેમચંદ સુકર વર્મા**, રહેવાસી :- ૭૬-૭૭, નિલમ નગર, ડિંડોલી, સુરતના તરફેથી તમામ સરકારી, અર્ધસરકારી, નાણાંકીય સંસ્થાઓને જણાવવામાં આવે છે કે,

મારા અસીલના પુત્ર **મુકેશ ખેમચંદ વર્મા** તેઓના કહ્યામાં નથી ઉપરોક્ત પુત્ર સાથે મારા અસીલના કોઈ જાતના સંબંધ નથી કોઈપણ વ્યકિતએ મારા અસીલના પુત્ર **મુકેશ ખેમચંદ વર્મા**ની સાથે કોઈપણ જાતના નાણાંકીય કે સામાજિક વ્યવહારો કરેલા હોય તો તે અંગે મારા અસીલની કોઈ જવાબદારી હતી નહિ અને રહેશે નહિ.

મારી સુચના અને ફરમાઇશથી
શ્રી ખેમચંદ સુકર વર્મા

ગોપાલ એમ. લખેરા
તે શ્રી ખેમચંદ સુકર વર્માના એડવોકેટ
રહેવાસી :- ૧૩૫, મોતી સદન, સાંઇ યુનિટી રો-હાઉસ, ભેસ્તાન, સુરત. મો. નં. ૯૯૧૩૭૩૨૫૦૧

ખેતીની જમીન વેચાણ તથા ગુમ ગયેલ દસ્તાવેજ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ ચાર્યાંસી સબ-ડીસ્ટ્રીકટ ના મોજે: દામકા નાં સ.નં.૨૦૦-૨ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ સુમારે ૦ હેકટર ૦૬ આરે ૦૭ ચો.મી., જેનો આકાર રૂા. ૦૦-૨૫ પૈસા વાળી જેનો ખાતાનંબરઃ૭૪૯ વાળી જુની શરતની જમીન વાળી મિલકત નવીનભાઈ નરસિંહભાઈ પટેલે પોતાની માલીકી કબજા વપરાશ ભોગવતાનું હોવાનું જણાવી મારા અસીલણ જ્યોત્સનાબેન ગણપતભાઈ પટેલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને તેમની કનેથી વેચાણ અવેજ સ્વીકારેલ છે અને મારા અસીલણ ટુંક સમયમાં સદરહું જમીનનો પાકો વૈચાણ દસ્તાવેજ કરવી લેવાના છે વધુમાં તેઓ જણાવે છે કે નીચે પરિશિષ્ટમાં જણાવેલ દસ્તાવેજ ગુમ યાને ગેરવલ્લે થયેલ છે જેથી સદરહું જમીન બાબતે કે ગુમ થયેલ દસ્તાવેજ બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દર, દાવો લેશુ યા બોજો હોય તો તેવી વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે જાણ કરવી મુદત વિત્યેથી સદરહું જમીન બાબતે કે ગુમ થયેલ દસ્તાવેજ બાબતે કોઈનો હક્ક, હિત , હિસ્સો નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે, તેવું માની સદરહું જમીનન પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લઇશું બાદમાં કોઈનો કોઈપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી

ગુમ થયેલ દસ્તાવેજની વિગત

ચૌર્યાસી સબ- રજી. કચેરીમાં અનું. નંબરઃ ૧૧૫ થી તા. ૧૦/૦૨/૨૦૧૪ રોજ નોંધાયેલ છે તે અસલ દસ્તાવેજ તથા અસલ રજી. રસીદ

પ્રવિણ બી. પટેલ, શ્રેયસ આઈ. પટેલ આશિષ એચ. રાણા
એડવોકેટ્સ
૧૦૬ પહેલો માળ, સિધ્ધી પ્લાઝા કોમ્પલેક્ષ, એચ.એ.ઈ.પી. ટાઉનશીપ સામે, કવાસ પાટીયા, હજીરારોડ, સુરત મો.: ૯૪૨૬૧-૫૪૭૮૦ મો. ૮૦૮૮૦-૮૦૦૦૦

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલી મીલકત શ્રી જતીનભાઈ અશોકભાઈ પટેલ અને શ્રી ચિંતનભાઈ અશોકભાઈ પટેલ, રહે– ૧૬, આમ્રકુંજ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરતના પોતાની સહીયારી માલીકીની હોવાનું જણાવીને મજકુર મિલકત હમારી અસીલ બેંકમાં ગીરોમાં મુકવા માંગે છે. મજકુર મિલકત અંગેના અગાઉના વેચાણ દસ્તાવેજ નં.: ૯૮૨૦, તા.: ૨૩/૧૧/૧૯૮૭ ની અસલ નોંધણીની રસીદ તેઓનાં જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલાં છે. આ મીલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ હમારે આપવાનો છે. મજકુર અસલ રસીદનાં આધારે કોઈનાં કોઈપણ હકક–અધિકારો આ મીલકત ઉપર ઉભા થયેલા હોય કે મીલકત ગીરોમાં મુકવા સામે જો કોઈને વાંધો યા તર–તકરાર હોય યા કોઈપણ શખ્શનાં હકક–અધિકાર અન્ય રીતે હોય કે જેથી આ મીલકતનાં ચોખ્ખા–માર્કેટેબલ અને બોજા રહિત ટાઈટલ રીપોર્ટ આપવા સામે વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધીથી દિન ૭ (સાત) માં તેવા વાંધા–હકક–અધિકાર અંગેનાં પુરાવાઓ નીચે જણાવેલા સરનામે બતાવી જવા. મુદત દરમ્યાન કોઈનાં વાંધા વિગેરે આવશે નહિં, તો મીલકતનાં ટાઈટલ સંપૂર્ણ બોજા રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું અને સદરહુ અસલ રસીદ ખરેખર ગેરવલ્લે મુકાઈ ગયેલાનું માનીને તથા મજકુર મિલકત ગીરોમાં મુકવા સામે કોઈને વાંધો નથી કે કોઈનાં હકક–હિત નથી અને હોય તો જતા કરેલા છે, એમ સમજીને મીલકતનો ટાઈટલ રીપોર્ટ આપી દેવામાં આવશે. નોટીશના સમય બાદ કોઈનાં વાંધા યા હકક–અધિકાર ચાલશે નહિં, જેની નોંધ લેવી.

મિલકત :– સુરત ડિસ્ટ્રીકટ, મોજે ગામ ભટારનાં રે.સર્વે નં.: ૭૨એ, ટી.પી. નં.: ૨૭ (ભટાર–મજુરા), ફા. પ્લોટ નં.: ૫૫ થી નોંધાયેલી જમીનમાં આયોજીત ॥ આમ્રકુંજ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. ॥ માં આવેલ ॥ બંગ્લા નં.: ૧૬/બી ॥ જેનું ક્ષેત્રફળ ૨૬૫.૮૯ સમ ચો.મીટર થાય છે તે બાંધકામ સહીતની મિલકત.

ઓફીસ : ૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે, અડાજણ ચાર રસ્તા, અડાજણ, સુરત.

અસીલની સુચનાથી
જિજ્ઞેશ પી. પીસાદીયા
એડવોકેટ એન્ડ નોટરી

-: મોજે : કણાવ, તાલુકા : પલસાણા, જિલ્લો : સુરતના બ્લોક/ સરવે નં.૧૬૬ વાળી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ ડીસ્ટ્રીકટ : પલસાણા, મોજે ગામ : ક્લાવ ના બ્લોક / સરવે નં.૧૬૬ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૫૭-૮૩ ચો.મી., જેનો આકાર રૂા.૨૨.૩૧ પૈસા છે જેનો ખાતા નં.૨૯૭ છે તે જુની શરત ખેતીલાયક ઉપયોગ જમીન તથા તે ઝાડ, બિડ, વાડ, શેડ સહીતની જમીનને લાગુ અંદરના તથા બહારના આજુ બાજુના લાગતા વળગતા તમામ હકકો તથા રસ્તાના ઈઝમેન્ટના વપરાશના હકક સહીત કુલ્લે દરોબસ્ત વાળી જમીન તેના માલીક (૧) પ્રફુલભાઈ ધીરજભાઈ, (૨) અનીલાબેન પ્રફુલભાઈ, (૩) નીરલ પ્રફુલભાઈ, (૪) પીન્કલ પ્રફુલભાઈ નાએ તે જમીન તેઓની સંયુક્ત માલિકી, કબજા ભોગવટા હેઠળનાં તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટબલ હોવાનું જણાવી અમારા અસીલ ને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યું છે. તેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હક્ક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે, એવું માની અમારા અસીલ સદરહુ જમીનનાં મજકુર માલિકો પાસેથી પાંકા લખાણો, દસ્તાવેજો કરાવી લેશે, જેથી ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર, દાવો ચાલશે નહીં, જેની લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

ઠેકાણું :- ૧૦૯ થી ૧૧૧, "સત્યાર્થ" શિવ શકિત કોમ્પ્લેક્ષ, બી.આર. સી.મંદિર સામે, ઉધના, સુરત.

મહેશ એ. પટેલ
તે ખરીદનાર ના
(એડવોકેટ & નોટરી)

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::–

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે : એરથાણના સર્વેનં. ૧૧૮/૧, ૧૧૯/૨, ૧૧૭/૧, ૧૧૭/૨/૧, ૧૧૭/૨/૨, બ્લોક નંબર : ૧૩૭ વાળી બીનખેતી પ્રિ.પાત્ર સત્તા પ્રકારવાળી ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦૨-૩૭-૭૦ આરે છે. સદરહું જમીનના માલીકો પૈકી શીતલબેન સંજયભાઈ ભગવાગર તે નગીનચંદ્ર નાથુભાઈ ભગવાગરની પુત્રી એ પોતાના વણવહેચાયેલા હિસ્સાની દક્ષિણ દિશા તરફ રોડ સાઈડની ક્ષે. હે. ૦૦-૩૮-૭૮ ચો.મી.વાળી જમીન પોતાની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા તમામ ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. માટે, સદર વણવહેચાયેલા હિસ્સાની ક્ષે.હે. ૩૮૭૮.૦૦ ચો.મી. જમીનના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગ ભાગ, તર-તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક, સંસ્થા કે સહકારી મંડળીનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે કોઈ પણ વ્યકિત, સંસ્થા કે બેંકનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે. એમ માની અમારા અસીલ સદર વણવહેચાયેલા હિસ્સાની જમીન અંગે કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને, સંસ્થા કે બેંક ને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૧/૦૧/૨૦૨૪.

-:: અમારી મારફત ::-
દિપેશ ડી. પટેલ (Mo. 9825292941)
હર્ષદ ટી. પટેલ, વિશાલ આર. પટેલ (એડવોકેટસ)
ઠેકાણું:- ૨૦૨,૨૦૩, શિવેન શોપર્સ, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ
મોજેઃ ભાટીયા, તા. ચોર્યાસી, જિ. સુરત

સર્વે/બ્લોક નંબર	ક્ષેત્રફળ હે-આરે	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૨૭૧/૧	હે-આરે ૨-૩૯-૧૨ ચો.મી.	૪૩.૦૭	૨૭૦
૨૭૧/3	હે-આરે ૦-૬૧-૧૪ ચો.મી.	૧૧.૦૧	૨૭૦
૨૭૫	હે-આરે ૦-૫૯-૨૯ ચો.મી.	૧૪.૦૬	૯૧

મારા અસીલ વૈભવ અજીતકુમાર દેસાઈનાઓએ સુરત જીલ્લાના તાલુકા ચોર્યાસી ના ગામ ભાટીયાની ઉપરોક્ત વિગતોની ખેતીની જમીનો જમીન માલીકો (૧) ઈમરાન સુલેમાન નગદી, (૨) ઝુલેખા સુલેમાન નગદી, (૩) ઈસ્માઈલ સુલેમાન નગદી, (૪) દાઉદ સુલેમાન નગદી, (૫) સઈદ સુલેમાન નગદી, (૬) સલીમ સુલેમાન નગદી, (૭) સલીમ સુલેમાન નગદી, (૮) રાબિયા સુલેમાન નગદી તે જુનેદ નગદીની પત્ની તથા (૯) ઈમરાન સુલેમાન નગદી નાઓ પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની ખેતીની જમીન અંગેના માલીકી ટાઈટલ, રાઈટ્સ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઇ હક્ક કે ભરણપોષણના હક્ક કે કોઈ લેણું કરજ ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારાના હક્ક અધિકાર હોય,તો, આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ખેતીની જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા-વળગતા સર્વએ નોંધ લેવી

તા. ૨૦/૦૧/૨૦૨૪
હે. ૨૧૬, માર્વેલ પ્લાઝા, કેનાલ રોડ, બાપા સીતારામ ચોક, મુ.કામરેજ, તા. કામરેજ.
મો. ૯૦૩૩૫ ૧૭૧૭૮, ૯૯૦૪૮ ૫૯૩૮૭

અમારી મારફત
જનકકુમાર પી. મહેતા
વિજયકુમાર એસ.ડાભી
એડવોકેટ્સ

સુરત મહાનગરપાલિકા
ડ્રેનેજ વિભાગ

સરત શહેર હદ વિસ્તારમાં ગટર સફાઈની કામગીરી સાથે સંકળાયેલ અને NSKFDC અંતર્ગત લાભ લેવા ઈચ્છિત અસંગઠિત સફાઈ કામદારોની અરજી આમંત્રિત કરતી નિવિદા

મેન્યુઅલ સ્કેવેન્જર એકટ-૨૦૧૩ અને ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ-૨૦૨૧(SSC) અંતર્ગત National Safai Karmacharis Finance & Development Corporation (NSKFDC) (જે એક સરકાર માન્ય સંસ્થા છે અને Ministry of Social Justice & Empowerment હેઠળ કાર્યરત છે) દ્વારા વિવિધ લોન અને બિન-લોન આધારિત યોજનાઓ મારફતે સમગ્ર દેશનાં સફાઈ કર્મચારીઓ, અસંગઠિત સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના સર્વાંગી સામાજિક અને આર્થિક ઉત્થાન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તેમજ MoHUA (Ministry of Housing and Urban Affairs) દ્વારા NAMASTE'' એટલે કે National Action for Mechanized Sanitation Ecosystem'' યોજનાનું પણ અવતરણ કરવામાં આવેલ છે.જે યોજનાઓ અંતર્ગત ગટર તથા સેપ્ટીક ટેન્કની સફાઈની કામગીરી સાથે સંકળાયેલ અસંગઠિત સફાઈ કામદારો સદર યોજનાની ઉપલબ્ધ સંપુર્ણ માહિતી (જેવી કે, યોજનાની વિગત, અરજીનો નમુનો, બાંહેધરી વિગેરે..) સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ "www.suratmunicipal.gov.in" ઉપરથી મેળવી શકે છે તથા વધુ માહિતી માટે જાહેર રજાઓ સિવાયના દિવસોમાં ઓફીસ સમય દરમ્યાન સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ,પ્રથમ માળ,જુની રાંદેર ઝોન ઓફીસ,તાડવાડી,બેજનવાલા કોમ્પલેક્ષની સામે, રાંદેર રોડ,સુરત-૩૯૫૦૦૯ ખાતે સંપર્ક કરી શકે છે. સદરહું યોજનાઓ અંતર્ગત ગટર સફાઈ માટેની મશીનરીઓથી ગટર સફાઈની કામગીરી સાથે જોડાવવા અને લોન આધારિત સહાય મેળવવા ઈચ્છતા અસંગઠિત સફાઈ કામદારોએ નીચે જણાવેલ ચીફ એકાઉન્ટન્ટના સરનામાં ઉપર તા.૨૩/૦૨/૨૦૨૪ ના સાંજના ૫:૦૦ કલાક સુધી કવર ઉપર વિષય સ્પષ્ટ લખી બંધ કવરમાં RPAD/SPEED POST /હાથો હાથ / કરીયર/રૂબરૂ અરજી મળે તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

નિયત સમયમર્યાદામાં અરજી આપવાનું સરનામું	'ચીફ એકાઉન્ટન્ટ,સુરત મહાનગરપાલિકા' ચીફ એકાઉન્ટન્ટની કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૭

નં. પી.આર.ઓ./૬૧૯/૨૦૨૩-૨૪
૨૦-૦૧-૨૦૨૪

સીટી ઈજનેર
સુરત મહાનગરપાલિકા

સુરત સીટી જીમખાના
૬૮ /૧, પીપલોદ, ડુમસ રોડ, સુરત

સભ્ય જોગ

આપણી સંસ્થાના સર્વે સભ્યોને જણાવવાનુ કે તાઃ ૨૨-૧-૨૦૨૪ સોમવારનાં રોજ અયોધ્યા ખાતે શ્રી રામ મંદીર પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી થનાર છે. જેનુ જીવંત પ્રસારણ સંસ્થામાં LED સ્કીન પર સવારે ૧૧:૦૦ કલાક થી બતાવવામાં આવશે. જેનો સર્વે સભ્યોએ લાભ લેવા આમંત્રણ છે. પ્રોગ્રામ પછી મહા પ્રસાદ રાખેલ છે.

વ્યસ્થાપક સમિતિ

ટાઈટલ કલીયરન્સ બાબતની જાહેર નોટીસ

જીલ્લે-સુરત, સીટી સર્વે ઓફીસ, સુરત-૨, વોર્ડ રાંદેર, સીટી સર્વે નં.૧૩૧, ક્ષેત્રફળ ૬૫.૨૧૮૧ થી આવેલ છે. તે વિગતનું જુનું મકાન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક હિસ્સા સહિતની તે **મિલકતના માલિક (૧) હવાબીબી મોહંમદસિદ્દિક શેખ (૨) કાદીર મોહંમદસિદ્દિક શેખ માલિકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળનુ ચાલી આવેલ છે.** જેઓએ ટાઇટલ કલીયરન્સ બાબતની માંગણી કરતા સબબ સદર મિલકત ઉપર કોઇ પણ ઇસમ સંસ્થા પેઢી કંપની યા મંડળી યા કોર્ટ કચેરીનો કોઇ પણ પ્રકારનો હકક હિત હિસ્સો લાગ ભાગ કબજો ગીરો લીયાન દાવાદુવિ તર-તકરાર હુકમ યા હુકમનામું તથા પાવર ઓફ એટર્ની દ્વારા હકક હિત હિસ્સો વિગેરે અથવા બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે થી **દિન સાત (૭)** માં માન્ય હોય એવા લેખિત પુરાવાઓ સહીત હમોને લેખિતમાં નીચેના સરનામે જાણ કરવી અને તેમ કરવામાં કસુર થયેથી કોઇનો કોઇપણ પ્રકારના હક હિત બોજો દાવો યા હુકમનામું નથી અને હોય તો તે જતા કર્યા છે અને સદર જમીનના ટાઇટલ ચોખ્ખા છે તેમ માની મુદત વિતીએ સદર જમીન બાબતે ટાઇટલ કલીયરન્સ અપવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી ત્યારબાદ કોઇ પણ પ્રકારની તકરાર ચાલશે નહિ.

તા. ૨૦-૦૧-૨૦૨૪
નેઅમત શોપીંગ સેન્ટર,બસ સ્ટેન્ડની પાસે, હાંસોટ, જીલ્લે ભરૂચ મો. 99040 73313

સહી/- અસીલની સુચના અને ફરમાઇશથી
એડવોકેટ જહાન કાનુંગા

જાહેર નોટિશ
મહેરબાન સુરતના ૧૨માં એડિશ્નલ સિનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં.

વારસા પરચુરણ અરજી નંબર : ૧૮ સને ૨૦૨૪

અરજદારો : (૧) ફાલ્ગુનીબેન રમેશભાઈ પટેલ, ઉ.આ.વર્ષ - ૬૫, ધંધો - ઘરકામ, જાતનાં - હિન્દુ,
રહેવાસી : ૨-૩, પુજા રો-હાઉસ, તિરૂપતિ હોટલની નજીક, શાંતિનિકેતન મંદિરની પાછળ, અડાજણ, સુરત.
(૨) હર્ષલ રમેશભાઈ પટેલ, ઉ.આ.વર્ષ - ૩૧, ધંધો - વેપાર, જાતનાં - હિન્દુ, રહેવાસી - એજનનાં.
(૩) વત્સલ રમેશભાઈ પટેલ, ઉ.આ.વર્ષ - ૨૬, ધંધો - વેપાર, જાતનાં - હિન્દુ, રહેવાસી - એજનનાં.

વિરૂધ્ધ — વાદી વકીલ ડેનિશ એચ.મેવાવાલા

સામાવાળા : કોઈ નહી.

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, મર્હુમ રમેશભાઈ મનસુખભાઈ પટેલનાં નામે ચાલી આવેલ એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંન્ડ-જગંમ મિલ્કત જેની વિગત નીચે મુજબ છે, તે તમામ જંગમ મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે અત્રેની કોર્ટમાં વારસા અરજી દાખલ કરેલ છે.

(૧) એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ ફોલીઓ નં.૮૮૭૪૧૫૮

જે વારસા અરજીની સુનાવણી તા.૧૭ માહે ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તે આ વારસા અરજી વિરૂધ્ધ જે કોઈ ઈસમોને વાંધા વિરોધ હોય તેમણે જાતે અગર તો વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ કાયદા અન્વયે આપવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૯-૦૧-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તા.૧૯-૦૧-૨૦૨૪, સુરત.

તૈયાર કરનાર સહી/- (વી.એન.પટેલ) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (જે.જે.પંચાલ) આસીસ્ટન્ટ/સુપ્રિટેન્ડેન્ટ
(કોર્ટનો સિક્કો)
હુકમથી, સહી/- (એ.ડી.સારંગ) રજીસ્ટ્રાર, સીવીલકોર્ટ, સુરત.

ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત **મનિષભાઈ ભીખુભાઈ સવાણી, નીમાબેન મનિષભાઈ સવાણી, મુકેશભાઈ ભીખુભાઈ સવાણી, મેઘનાબેન મુકેશભાઈ સવાણી, જીત મનિષભાઈ સવાણી અને વાસુ મનિષભાઈ સવાણી** ની માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવેલ છે અને તેઓએ હમો કનેથી ટાઈટલ કલીયરન્સની માંગણી કરેલ છે અને સદરહું મીલકત ઉપર તેઓએ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લિ. માંથી નાણાંકીય સવલત મેળવેલ છે અને સદરહું મીલકત ગીરોમાં મુકેલ છે. તેઓએ સદરહું મીલકત **આઈ.સી.આઈ.સી.આઈ બેંક લી.** માંથી હમારા અસીલ બેંકમાં ટ્રાન્સફર કરી મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નકકી કર્યુ છે. **સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી હંસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. દ્વારા આપવામાં આવેલ અસલ શેર સર્ટીફીકેટ નં. ૦૦૨ તથા અસલ એલોટમેન્ટ લેટર તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે અને હંસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. દ્વારા ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ નં. ૦૦૨ જેનો શેર નં. ૨૩૬ થી ૨૪૦ અને ૫૧૬ થી ૫૨૦ ઈસ્યુ કરેલ છે.** જેથી સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ માં લેખીત પુરાવા સહીત જાણ કરવી. મુદુત વિત્યે કોઈના પણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો તમે સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને હમારા અસીલ સદરહુ મીલકત ઈકવીટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહું મીલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મિલકતનું વર્ણન

ડ્રિસ્ટ્રીકટ સુરત સબ ડ્રિસ્ટ્રીકટ : સુરત સીટી (ચોર્યાસી) નાં મોજે ગામ નવાગામ ના રે.સ. નં. ૧૭(ક) તથા ૧૮, ટી.પી. સ્કીમ નં. ૪, ફાઈનલ પ્લોટ નં. ૧૭૪/એ તથા ૧૭૪/બી વાળી જમીન ઉપર આવેલ **"હંસ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી."** માં આવેલ બંગલાઓ પૈકી **બંગલા નં. ૨૬** જેનો સીટી સર્વે નોંધ નં. ૧૩૧૦ કે જેનું ક્ષેત્રફળ ૩૩૯.૯૧ ચો.મી. છે તે બાંધકામ સહિતની મિલકત તથા તેને લગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત.

અશ્વિન નવિનભાઈ પટેલ (એડવોકેટ) (મો : ૯૮૭૯૦૮૦૦૧૧)
ઓફિસ નં. ૪૬૯, ચોથો માળ, ધી ગેલેરીયા શોપીંગ હબ, સંજીવકુમાર ઓડીટોરીયમની પાસે, પાલ, સુરત.
રીંકી એ. વર્મા (એડવોકેટ) (મો : ૭૦૪૩૨૪૬૬૪૭)
ઓફિસ નં. ૪૧૪-૪૧૫, ચોથા માળે, રાજહંસ ઓર્નેટ, જાની ફરસાણની પાસે, પાર્લે પોઈન્ટ, સુરત.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / CENTRAL BANK OF INDIA
દસ્તુરવાડ શાખા : એફ.એન. ટાવરની પાસે, ટાટા હાઈસ્કુલ રોડની સામે, મધુબણી કોલોની, દસ્તુરવાડ, નવસારી.

સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ હેઠળ નિયમ ૮(૧)
પઝેશન નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, દસ્તુરવાડ શાખા, નવસારી** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત તા. **૩૧.૦૭.૨૦૧૯** ના રોજ ઉધારકર્તાઓ **મે. શ્રી ગણેશ ટ્રેડર્સ, પ્રોપ્રાઈટર : શ્રી રણજીતકુમાર મગનભાઈ સોલંકી (ઉધારકર્તા), શ્રી જીજ્ઞેશ ભુપેન્દ્ર સોલંકી (જામીનદાર)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૧૦,૪૨,૯૯૬/- (રૂા. દસ લાખ બેત્તાલીસ હજાર નવસો છન્નું પુરા)** વત્તા વ્યાજ સાથેના ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તાઓ અને જામીનદાર ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ અને ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૯.૦૧.૨૦૨૪** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા / જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, દસ્તુરવાડ શાખા, નવસારી** ની રકમ **રૂા. ૧૦,૪૨,૯૯૬/- (રૂા. દસ લાખ બેત્તાલીસ હજાર નવસો છન્નું પુરા)** વત્તા તા. ૩૧.૦૭.૨૦૧૯ ના રોજ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈફેકટ આપેલ છે)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલ્કતનું વર્ણન

રણજીતકુમાર મગનભાઈ સોલંકી ના નામનો ફલેટ નં. ૪૦૨, ક્ષેત્રફળ ૯૭૦ સ્કે. ફીટ. એટલે કે ૯૦.૧૪ સ્કે.મી. અવિભાજીત હકક અને હિસ્સા સાથે નવસારી મ્યુનિસીપલ વોર્ડ નં. ૯, ઘર નં. ૨૮/૧૩, જે સ્થિત ચોથો માળ, અક્ષર એપાર્ટમેન્ટ, અક્ષર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિમીટેડ ની બિલ્ડીંગ, નવસારી સીટી સર્વે સર્વે ટીકા નં. ૧૧/૫, સીટી સર્વે નં. ૩, ૪, ૮૦ અને ૮૨ (જુનો ટીકા નં. ૧૬૦, સર્વે નં. ૫૮૦૦/૨), જે સ્થિત દુધીયા તળાવ મેઈન રોડ, જીલ્લો - નવસારી, નવસારી. **ચતુઃસીમા :- પૂર્વે** : ખુલ્લુ આકાશ, **પશ્ચિમે** : સીડી, **ઉત્તરે** : ફલેટ નં. ૪૦૩, **દક્ષિણે** : ફલેટ નં. ૪૦૧.

તારીખ : ૧૯.૦૧.૨૦૨૪, સ્થળ : નવસારી
અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / CENTRAL BANK OF INDIA
દસ્તુરવાડ શાખા : એફ.એન. ટાવરની પાસે, ટાટા હાઈસ્કુલ રોડની સામે, મધુબણી કોલોની, દસ્તુરવાડ, નવસારી.

સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ હેઠળ નિયમ ૮(૧)
પઝેશન નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, દસ્તુરવાડ શાખા, નવસારી** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત તા. **૨૫.૦૬.૨૦૨૧** ના રોજ ઉધારકર્તાઓ **શ્રી સુરોજીત ચંડીચરણ પોરે (ઉધારકર્તા), શ્રીમતી પ્રિયંકા સુરોજીત પોરે (સહ-ઉધારકર્તા) અને શ્રી મગબુલભાઈ મુલ્લા શેખ (જામીનદાર)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૯,૦૪,૬૦૦/- (રૂા. નવ લાખ ચાર હજાર છસ્સો પુરા)** વત્તા વ્યાજ સાથેના ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તાઓ અને જામીનદાર ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ અને ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૯.૦૧.૨૦૨૪** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા / જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, દસ્તુરવાડ શાખા, નવસારી** ની રકમ **રૂા. ૯,૦૪,૬૦૦/- (રૂા. નવ લાખ ચાર હજાર છસ્સો પુરા)** વત્તા તા. ૨૫.૦૬.૨૦૨૧ ના રોજ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈફેકટ આપેલ છે)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલ્કતનું વર્ણન

શ્રી સુરોજીત ચંડીચરણ પોરે ના નામની મિલકતનો ફલેટ નં. ૨૦૨, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૯૫૦ સ્કે. ફીટ. એટલે કે ૮૮.૨૮૯૯ સ્કે.મી., નવસારી મ્યુનિસીપલ વોર્ડ નં. ૫, ઘર નં. ૬૯૨/૨૦૨, સીરીયલ નં. ૮૧૬/૩, અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૯.૭૫ સ્કે.મી., બીજો માળ, ગેલેક્ષી એપાર્ટમેન્ટ ની બાંધકામ કરેલ બિલ્ડીંગ, નવસારી સીટી સર્વે ટીકા નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૧૪૨-બી, ક્ષેત્રફળ ૧૦૭.૦૨૪૬ સ્કે.મી., જે સ્થિત કરવાડ, નવસારી, તાલુકો અને નવસારી, મોર્ગેજ નં. NSR/2360/2016, તા. ૩૧.૦૩.૨૦૧૬. **ચતુઃસીમા :- પૂર્વે** : જગ્યા, **પશ્ચિમે** : જોડેની લેન, **ઉત્તરે** : જોડેની મિલકત, **દક્ષિણે** : જોડેની મિલકત.

તારીખ : ૧૯.૦૧.૨૦૨૪, સ્થળ : નવસારી
અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, "ઉમિયાધામ"સુરત

દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતા કડવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓ કે જેઓએ ૨૦૨૩ માં ધો-૧૦ માં ૮૫% અને ધો-૧૨ માં ૮૦% કે તેથી વધુ તથા ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ફર્સ્ટ કલાસ / ઉચ્ચડીગ્રી સારા માર્કસથી પાસ કરેલ હોય / રમત-ગમત ક્ષેત્રે રાજ્ય-રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવ્યો હોય / વિશિષ્ટ શૈક્ષણિક સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેમજ "સમગ્ર ગુજરાતના સમસ્ત પાટીદાર" સમાજમાંથી જેઓએ UPSC/GPSC (કલાસ ૧, ૨ ની પરીક્ષા પાસ કરેલી હોય તે સર્વને સન્માનિત કરવાના હોવાથી તેઓ પોતાની એટેસ્ટેડ કરેલ માર્કશીટની ઝેરોક્ષ પાછળ સંપૂર્ણ નામ, સરનામું, વતન, મોબાઈલ નંબર લખી "શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ" ની ઓફિસમાં તા. ૧૫-૦૨-૨૦૨૪ સુધીમાં જમા કરાવી જવું. ત્યારબાદ કોઈપણ માર્કશીટ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ સંચાલિત ઉમા ઉત્કર્ષ નિધિ ઉચ્ચ શિક્ષણની સહાય માટે સંસ્થાના નિતિ નિયમોને આધિન શરૂ કરેલ છે. જેના ફોર્મનું વિતરણ શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટની ઓફિસ પરથી કરવામાં આવશે. તે અંગેની વધુ માહિતી માટે સંપર્ક સુત્રો.

શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, સુરત — ફોન નં. ૦૨૬૧-૨૫૪૨૫૧૫
શ્રી પરેશ એચ. પટેલ — મો. ૯૭૨૫૦ ૨૦૨૦૦
શ્રી ડો. હિમાંશુ જે. પટેલ — મો. ૯૯૭૮૫ ૮૪૬૮૩

સ્થળ : શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, "ઉમિયાધામ", વરાછા, સુરત.

સહી/-
લી. શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, સુરત

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, **જીલ્લો ભરૂચ, તાલુકો અંકલેશ્વરના મોજે ગામ નૌગામાના** નીચે જણાવેલ વિગત અને વર્ણનવાળી બિનખેતીની જમીન અમારા અસીલ ખરીદવા માંગે છે. આથી સદર મિલકતમાં તેના માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હકક, હિત,હિસ્સો, દર-દાવો કે લીયન કે અન્ય કોઈપણ પ્રકારના હકકો હોયતો તેની જાણ હમોને આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૭(સાત)** માં અમોને નીચે જણાવેલ સરનામે ઓફિસ ટાઈમે લેખીત પુરાવા સહિત જાણ કરવી. નોટીસની મુદત વિતે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો નથી તેમ ગણીને અને વાંધો હોયતો તે જતો કર્યો છે તેમ માની **ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ** આપવામાં આવશે. અને પછીથી કોઈપણ વ્યકિતનો વાંધો વિરોધ ધ્યાનમાં લેવામાં આવશે નહી જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ક્રમ	ખાતા નં.	સર્વે નં.	મિલકતનાં માલિકનુ નામ	ક્ષેત્રફળ
૧	૧૩૪	૧૧૮	૧. અમીતકુમાર રમણભાઈ પટેલ ૨. ઉર્મિલાબેન મહેશભાઈ લીમ્બાચીયા	૧–૨૧–૦૦

દુકાન નં. એસ–૧૧,આર–૨૧ આર્કેડ, કોસમડી, વાલીયા રોડ, અંકલેશ્વર.

અમારી મારફતે
ચીરાગ એ. બરવાળીયા
એડવોકેટ

મોજે ગામ : વડદલા, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરતની બ્લોક નંબર : ૧૬૮ પૈકી વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે ગામ : વડદલા, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરતના બ્લોક નંબર : ૧૬૮ વાળી ૧૫૩૪૦ સ. ચો. મી. ક્ષેત્રફળવાળી જૂની શરતની ખેતીની જમીન મહેસુલી રેકર્ડ ઉપર (૧) હિરેનભાઈ અમૃતભાઈ પટેલ, (૨) શોભનાબેન અમૃતભાઈ પટેલ, (3) પિનલબેન હિરેનભાઈ પટેલ, (૪) દિપ્તીબેન અમૃતભાઈ પટેલ તે ઉમેશભાઈ પટેલની પત્ની, અને (૫) સેજલબેન અમૃતભાઈ પટેલ તે ભાવેશભાઈ પટેલની પત્ની, સર્વે રહેવાસી : વડદલા, તા. પલસાણા, જી. સુરતના નામે ચાલે છે. તેઓએ ઉપરોક્ત જમીન પૈકી દક્ષિણ-પૂર્વ દિશાની આશરે ૯૫૦૦ ચો. મી. જમીન મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુક્ત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબુલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચૂકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કોઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સૂચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહીં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મહર્ષિ હિતેશ લાયવાલા (એડવોકેટ)
ત્રીજો માળ,સાઈગોન,સીટીલાઈટ રોડ,પાર્લે પોઈન્ટ,અઠવાલાઈન્સ,સુરત.

મોજે કુદીયાણાનાં સર્વે નં. ૮/૩ પૈકી બ્લોક નં. ૪૮ વાળી ખેતીની જમીનનાં ટાઇટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં મોજે ગામ કુદીયાણાનાં રે.સર્વે નં.૮/૩ પૈકી જેનો બ્લોક નં. ૪૮ જેનું ક્ષેત્રફળ ૧ હેકટર ૫૫ આરે ૮૦ ચો.મી. જેનો આકાર રૂા. ૧૫.૫૩ પૈસા વાળી ખેડખાતાની બિનખેતી પ્રિપાત્ર ખેતીની જમીનનાં માલિકો પૈકી સંગીતાબેન પુનમચંદ કંથારિયા તથા કલ્પેશભાઇ પુનમચંદ કંથારિયાની પોતાની વણવહેંચાયેલા હિસ્સાની જમીન સંયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટાની ચાલી આવેલ છે, તેઓએ હમો એડવોકેટ્સ કનેથી સદરહુ જમીનનાં ટાઇટલ કલીયરન્સનાં સર્ટીફીકેટ(ન-વાંધા પ્રમાણપત્ર)ની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ગણોત હક્ક, ખોરાકી પોષાકીનાં હક્ક, ભરણપોષણ નાં હક્ક, રસ્તા વપરાશનાં હક્ક, પાણી વપરાશનાં હક્ક, ઇઝમેન્ટનાં હક્ક યા ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવા સામે વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમો એડવોકેટને લેખિતમાં જાણ કરી ખાતરી કરાવશો. સબબ, ઉપરોક્ત મુદ્દતમાં કોઇના વાંધા નહિ આવે તો હમો તરફથી સદરહુ જમીનનાં માલિકોને ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ (ન-વાંધા પ્રમાણપત્ર) ઇસ્યુ કરવામાં આવશે અને જેને આધારે તેઓના વણવહેંચાયેલા હિસ્સાની જમીનનું વેચાણ કરનાર છે. ત્યારબાદ તેઓના વણવહેંચાયેલા હિસ્સાની જમીન અંગે ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો યા વિરોધ ચાલશે નહી, જેની જાહેર જનતાએ આ જાહેર નોટીસથી નોંધ લેવી. તા. ૨૧/૦૧/૨૦૨૪

હેમંત એમ. પટેલ તથા **તુષાર પી. પ્રજાપતિ**
એડવોકેટ એન્ડ નોટરી — એડવોકેટ
હમારી મારફત કલ્પેશભાઇ પુનમચંદ કંથારિયા વિગેરેની સુચનાથી
ઓફીસઃ ૧૧૦, ૧૧૦/એ, શિવકૃપા એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર રોડ, સુરત
મો.નં. ૯૮૨૪૩ ૯૨૯૩૧, ૯૭૨૫૧ ૦૯૧૨૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડી. ઓલપાડ સબ ડી. નાં મોજે કુડસદનાં સર્વે નં. ૧/બ જેનો બ્લોક નં. ૭૭૬/બ (સાલ્યાબાદનો જુનો સર્વે/ બ્લોક નં. ૧/બ) થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં **''ગાંધીનગર''** નાં નામથી રહેણાંકનાં હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી યુનિટ નં. ઓ/૧ માં આવેલ **પ્લોટ નં. ૩ થી ૭** જે દરેક પ્લોટનું ક્ષેત્રફળ ૮૧.૦૦ ચો. મી. છે તે ખુલ્લા પ્લોટ વાળી મિલકતનાં માલિક **શિવશંકર લાલતા ચૌહાણ નાઓએ** સદરહુ મિલકતો તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટાની, ટાઇટલ કલીયર, બોજા-મુક્ત અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ મિલકત હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ઇઝમેન્ટનાં હક્ક યા સદર વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમો એડવોકેટને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મિલકતમાં કોઇનાં હક્ક હિત સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૧/૦૧/૨૦૨૪

અમૃત ડી. સેલર — એડવોકેટ
પ્રજ્ઞેશ જી. સેલર — એડવોકેટ
આશિષ એ.સેલર — એડવોકેટ એન્ડ નોટરી
તે ખરીદનારનાં એડવોકેટસ્
ઓફીસ: જી-૯, મોર્ડન શોપી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત મો. નં. ૯૮૨૫૨૩૧૪૨૬

મોજે ગામ : કરણ, તા. પલસાણા, જી. સુરત ના બ્લોક નંબર : ૨૯/પૈકી ૧ વાળી કુલ જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની નહેરની બાજુમાં આવેલ જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, પલસાણા સબ ડિસ્ટ્રીકટનાં **મોજે ગામ : કરણ ના રેવન્યુ સર્વે નંબર : ૨૨, ૩૭ કે જેનો બ્લોક નંબર : ૨૯/ પૈકી ૧, ખાતા નંબર : ૨૯** થી નોંધાયેલી જમીન કે જેનું જરાયત ક્ષેત્રફળ : **હે. ૧ - ૮૬ - ૦૨ આરે.ચો.મી.** તથા જેનો **આકાર રૂા.૨૧.૧૫ પૈસા** છે તેવી બીન ખેતી પ્રિમયમને પ્રાત્ર વાળી ખેડખાતાની ખેતીની **કુલ જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની નહેરની બાજુમા ડી.એલ.આર ની માપણી મુજબ જે થાય તે પ્રમાણે આવેલ બ્લોક નંબર : ૩૯ ની પાછળ તથા બ્લોક નંબર : ૩૮ ની બાજુમા (૧) ડાયાભાઈ નાથુભાઈ, (૨) સુરજબેન ડાયાભાઈ મિસ્ત્રી, (૩) બિપીનભાઈ ડાયાભાઇ મિસ્ત્રી, (૪) મંજુલાબેન તે ડાયાભાઈ મિસ્ત્રીની દિકરી અને ભરતભાઇ વલ્લભભાઇની પત્ની, (૫) રમેશભાઈ ડાયાભાઈ મિસ્ત્રી અને (૬) ઇલાબેન તે ડાયાભાઇ મિસ્ત્રીની દિકરી અને જગદીશભાઈ પ્રેમાભાઇની પત્ની** નાઓની સંયુકત માલીકીની તથા કબજા ભોગવટાની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનું જણાવી હમારા અસીલને બોજા રહિત તેમજ પ્રત્યક્ષ કબ્જા સહિત કિંમતી અવેજ બદલ વેચાણ આપવા માંગે છે માટે સદર જમીનમાં ઉપરોક્ત જણાવેલ જમીન માલિક સિવાય અન્ય કોઇ વ્યક્તિ, બેંક, સંસ્થા કે સહકારી મંડળી નો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો, લાગ-ભાગ તેમજ દર-દાવો કે ગણોતીયા હકક, ભરણપોષણના હકકો, સુખાધિકારના હકકો કે વારસાઈ હકકો કે કબજો કે લીંયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અસલ દસ્તાવેજી પુરાવા સહિત હમોને તેની જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો, લાગ-ભાગ, કે દર-દાવો કે કબજો હકક નથી અને હોય તો તે તમામ છોડી દીધા છે તેમ સમજી અમારા અસીલ કાયદેસરના વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઇની તર-તકરાર વાંધો ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦.૦૧.૨૦૨૪ — ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઇસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
ખરીદનારના એડવોકેટ
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
ઓ. નં. : ૦૨૬૧-૨૭૩૯૫૯૫, મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegal.com
SAHAJ LEGAL LAW FIRM

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, **ચોર્યાસી** સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ **વકતાણા**ના જુનો સર્વે નં.૧૯૯, બ્લોક નં.૧૮૩, જેનું જરાયત ક્ષેત્રફળ હે.આરે.૦-૩૦-૩૬ ચો.મી. અને ક્યારીનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૦-૨૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૫૦-૫૯ ચો.મી. હાલનો ખાતા નં. ૩૬૪, જેનો આકાર રૂ. ૮.૯૩ પૈસાવાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન **(૧) ગીતાબેન છોટુભાઈની પુત્રી અને હરીશભાઈ નાનુભાઈ ઘણીયાણી, (૨) હરીશ નાનુભાઈ નાયક, (૩) કવિતા હરીશભાઈ નાયક તે મિતેશ અતુલભાઈ દેસાઈની પત્ની, (૪) નિશાંતભાઈ હરીશભાઈ નાયક** નાઓની સંયુકત માલિકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી સદરહું જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો કે બોજો રહેલો હોય કે કોઈનો કોઈપણ પ્રકારનો દર-દાવો યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણપોષણ વગેરેના હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું. મુદ્દત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો, લાગભાગ, દરદાવો યા ખોરાકી-પોષાકી વગેરેના હકક નથી અને હોઈ તો છોડી દીધેલ છે, તેમ ગણી હમારા અસીલ તેઓ પાસેથી વેચાણ સંદર્ભેના વ્યવહાર પુર્ણ કરી રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

ઓફિસ : ૫૦૪, આઈકોન બીલ્ડીંગ, પીપલોદ, સુરત. મે.: ૯૯૭૪૭ ૭૧૦૦૦

જોનસન ઈજારદાર
તે ખરીદનારના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::–

સુરત ડીસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અડાજણના મોજે : કોસાડના સર્વેનં. ૬૧૭, બ્લોક નંબર : ૮૭૬, ટી.પી. સ્કીમ નં. ૫૫, એફ.પી.નં. ૨૯૭-એ તથા ૨૯૭-બી વાળી જમીન જેનું ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦૧-૬૪-૯૧ આરે વાળી જમીન માલિકો પૈકી અહમદ ઈબ્રાહીમ રાવતે પોતાના વણવહેચાયેલા હિસ્સાની જમીન પોતાની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા તમામ ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. માટે, સદર વણવહેચાયેલા હિસ્સાની જમીનના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગ ભાગ, તર-તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક, સંસ્થા કે સહકારી મંડળીનું લેવું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે કોઈ પણ વ્યકિત, સંસ્થા કે બેંકનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેવું નથી અને હોય તો જતો કરેલો છે. એમ માની અમારા અસીલ સદર વણવહેચાયેલા હિસ્સાની જમીન અંગે કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાની કોઈપણ જાતની તર- તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને, સંસ્થા કે બેંક ને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૧/૦૧/૨૦૨૪.

-:: અમારી મારફત ::-
દિપેશ ડી. પટેલ (Mo. 9825292941)
હર્ષદ ટી. પટેલ, વિશાલ આર. પટેલ (એડવોકેટસ)
ઠેકાણું:- ૨૦૨,૨૦૩, શિવેન શોપર્સ, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત.

મોજે ગામ : મુળદ તથા કીમામલીની જમીનોની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ ચાને તાલુકે ઓલપાડ ની નીચે જણાવેલ જમીનો

ગામનું નામ	બ્લોક/સર્વે નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	આકાર (રૂા. પૈસા)
મુળદ	૩૭૪	૧-૪૩-૬૬	૧૧-૬૯
મુળદ	૩૮૦	૦-૭૧-૮૩	૯-૩૭
મુળદ	૩૭૫	૦-૯૧-૦૫	૧૧-૦૦
મુળદ	૩૭૩	૧-૪૩-૬૬	૧૬-૩૧
કીમામલી	૧૦૬	૧-૪૮-૭૨	૧૬-૦૦
કીમામલી	૧૦૮-પૈકી-૧	૦-૭૯-૯૩	૧૫૯-૯૦

ઉપર જણાવેલ ખેતીની જમીનો પૈકી **કલ્પનાબેન નગીનભાઈ**એ તેમના વણવહેંચાયેલા હિસ્સાની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબ્જેદાર તરીકે તેઓએ તમામ રીતના ટાઇટલ કિલયરન્સ અને માર્કેટબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક કબ્જેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હક્કો સહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હક્કો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત દીન-૭(સાત) માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હક્ક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પૂર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦.૦૧.૨૦૨૪ — ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
ખરીદનારના એડવોકેટ
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
ઓ. નં. : ૦૨૬૧-૨૭૩૯૫૯૫, મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegal.com
SAHAJ LEGAL LAW FIRM

આલીપોરની ૪૨૯,૪૩૪,૯૨૦ જમીનોના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વે વ્યકિત/સંસ્થાને આ નોટીસથી જાહેર કરી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ નવસારી, તાલુકા ચીખલીના મોજે ગામ આલીપોરના ખાતા નં. ૩૦૮ વાળી (૧) સર્વે/બ્લોક નં. ૪૨૯ ની કુલ હે.આરે.ચો.મી. ૦-૪૭-૫૫ ક્ષેત્રફળ અને આકાર રૂા. ૨.૦૦ પૈસા (૨) સર્વે/બ્લોક નં. ૪૩૪ ની કુલ હે.આરે.ચો.મી. ૦-૦૮-૦૯ ક્ષેત્રફળ અને આકાર રૂા. ૦.૩૧ પૈસા અને (૨) સર્વે/બ્લોક નં. ૯૨૦ ની કુલ હે.આરે.ચો.મી. ૦-૦૯-૧૧ ક્ષેત્રફળ અને આકાર રૂા. ૧.૮૧ પૈસા ધરાવતી જુની શરતની ખેતીની ત્રણ જમીનો ઈસ્માઈલ કાળાભાઈ, રફીકઅહમદભાઈ કાળાભાઈ, હવાબુબેન કાળાભાઈ તથા ઝુલેખાબેન કાળાભાઈના નામે તેમની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ હોવાનું જણાવી અને કારા ઈસ્માઈલ મૂળ રહે, : આલીપોરના અને હાલ રહે. : **2189, Lancaster Street, Actonwill, Binone, 1501, Johannesburg, South Africa** નાએ પોતે ઉપરોકત તમામના કુલમુખત્યાર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને હમારા અસીલએ વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સબબ સદરહુ જમીનોમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો હર કોઈ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે બોજો ચાલી આવતો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું અને જો તેમ કરવામાં કસૂર કરશો તો મારા અસીલ સદરહુ જમીનોમાં કોઈ પણ વ્યકિત કે સંસ્થાનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, કે બોજો નથી અને હોય તો તે છોડી દીધો છે યાને વેવ કરેલ છે તેમ માની પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહી જેની નોંધ લેવી

ઓફીસ : ૨/૩૩૧૭, હાફીઝજી સ્ટ્રીટ સગરામપુરા, સુરત મો.૯૮૨૪૭૬૮૮૭૬

અ. હમીદ એ. જરીવાલા
તે ખરીદનારાના એડવોકેટ

સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ TP Scheme No. 49, FP No. 36 વાળી જમીનમાં ''આશ્રય બંગ્લોઝ'' ના નામથી મુકવામાં આવેલ યોજના સંબંધે જાહેર નોટીસ/ચેતવણી

આથી લાગતા વળગતાં સર્વેને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, સુરત જીલ્લાના કતારગામ તાલુકાના મોજે કતારગામમાં આવેલ સર્વે નં. ૮૦/૨+૩, ગામ દફતર મુજબ ક્ષેત્રફળ ૧-૦૩-૨૦ હે.આરે.ચો.મી., TP Scheme No. ૪૯ (કતારગામ), OP No. ૩૬, FP No. ૩૬ મુજબ ક્ષેત્રફળ ૭૨૬૦ ચો.મી. છે. તેમાં અમારા અસીલો (૧) રણછોડભાઈ ગાંડાભાઈ પટેલ, (૨) અંબારામભાઈ ગાંડાભાઈના વારસો - દેવીબેન, કુસુમભાઈ, વિજયકુમાર, નિમ્બિષાબેન, ભરતભાઈ, મુકેશભાઈ, હસમુખભાઈ (૩) ગમનભાઈ ગાંડાભાઈના વારસો-ભાનુબેન, ચંચળબેન, રેખાબેનનો મરહુમ ગાંડાભાઈ કાળીદાસ તથા મરહુમ ગંગાબેન મોરારભાઈની છોકરી તે ગાંડાભાઈ કાળીદાસની ધણિયાણીના વારસો તરીકે સંયુકતપણામાં સદર રાખેલી જમીનમાં સતત રીતે આજદીન સુધી હકક હિત હિસ્સો અને અધિકાર ચાલી આવેલ છે. વધુમાં, મરહુમ ગંગાબેનના તા. ૧૦/૦૨/૧૯૮૮ના રોજના કહેવાતા વીલ અન્વયે જે - તે સમયે પરષોત્તમભાઈ અને ત્યારબાદ તેમના વારસો ઉષાબેન વગેરેએ પ્રોબેટ મેળવવા કરેલ પ્રોબેટ અરજી નં. ૯૨/૨૦૦૪ નામ. સીવીલ કોર્ટે તા. ૨૫/૦૧/૨૦૨૨ના રોજ નામંજુર કરેલ છે અને તેમાં પણ ઉપરોકત અમારા અસીલોનો હકક હોવા બાબતે તથા કહેવાતુ વીલ બોગસ હોવા બાબતેના સ્પષ્ટ તારણો આપેલા છે. એટલું જ નહી પરંતુ ગામ દફતરે પ્રોબેટ અરજી અન્વયે આર.ટી.એસ. પરચુરણ રીવિઝન અરજી નં. ૩૦/૨૦૨૩ની અરજી પણ મહે. કલેકટરશ્રી સમક્ષ ગામ દફતરે નામ ચઢાવવાના અનુસંધાને પડતર છે. જો કે, ગામ દફતરે પ્રોબેટ અરજી નં. ૯૨/૨૦૦૪ની ફેરફાર નોંધ નં. ૧૧૯૦૮ પડેલ છે અને ગામ દફતરે મેસર્સ આશ્રય કોર્પોરેશન એક ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો રમેશભાઈ મનુભાઈ બાપોતરા વગેરેના વાંધા હોવા છતા સક્ષમ અધિકારીએ તે વાંધા નામંજુર કરેલા છે અને નોંધ પ્રમાણીત કરેલ છે. આમ, અગાઉ થયેલા પ્રકરણોથી તથા પ્રોબેટ અરજી નં. ૯૨/૨૦૦૪માં આપેલા તારણોથી અમારા અસીલોનો સદર જમીનમાં ચાલી આવેલો સ્થાપિત હકક માન્ય થયેલ છે અને ફકત કેટલીક કાનુની કાર્યવાહી - ફોર્માલીટી કરવાની બાકી છે. આવા સંજોગોમાં મજકુર જમીન કે તેને લગત ''આશ્રય બંગ્લોઝ'' માં અમારા અસીલોના હકકોને નુકસાન થતું હોવાથી કોઈની પણ સાથે કોઈએ કોઈ પણ પ્રકારના અવેજી કે બિનઅવેજી કે નાણાં ધિરાણના વ્યવહાર કરવા કરાવવા નહી અને તેમ છતાં જો તેવા કૃત્યો કરાશે તો તેવા વ્યવહાર કાયદા વિરુધ્ધના અને મુળથી જ નિરર્થક, નાહકના, ગેરકાયદેસર ગણાશે અને તેમ કરનારે કાનુની કાર્યવાહીનો ભોગ બનવો પડશે અને તે અમારા અસીલોને બંધનકર્તા ન્હોતા અને નથી. જેની નોંધ લેવી.

મારી મારફત : **ચેતન વી. કાપડીયા (ચલીયાવાલા)**
તે રણછોડભાઈ ગાંડાભાઈ વગેરેના એડવોકેટ
ઠે.:- ૬૦૩, ટાઈટેનીયમ, ભીમરાડ, સુરત